ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# ભારતમાં નાણાંનો ઉદ્દભવ અને વિકાસ અને ડોલર સામે ભારતના રૂપિયાના મૂલ્યમાં આવેલ પરિવર્તનનો અભ્યાસ

**Zala jaypalsinh.m**
M.A (Economics)
Department of Economics, Saurashtra University, Rajkot

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

## સારાંશ

પ્રાચીન કાળથી અત્યાર સુધીમાં નાણાંનો અભ્યાસ વ્યાપક બની રહ્યો છે.અને તેને અનેક એતિહાસિક પરિબળો અસર કરતા તેના વપરાશનું મૂલ્ય અને તેના સ્વરૂપમાં ઘણા ફેરફારો જોવા મળે છે. નાણાંનાં અત્યારનાં આધુનિક યુગમાં પણ અનેક પ્રકારો કે સ્વરૂપ જોવા મળે છે. જે એક એતીહાસિક શોધ પણ કહી શકાય. આ રીતે આપણે નાણાંની  માહિતી મેળવીશું.

## પ્રસ્તાવના

જયારે વસ્તુ વિનિમય પ્રથા અમલમાં હતી,ત્યારે મૂલ્યના સંગ્રહ તથા વિનિમયને સરળ બનાવવા સર્વમાન્ય માધ્યમ તરીકે પશુ(ગાય)ઓનો ઉપયોગ શરૂ થયો. આધુનિક આર્થિક જગતમાં નાણું તમામ આર્થિક પ્રવૃત્તિઓના કેન્દ્રસ્થાને છે ,તેથી નાણું વિનિમયનું માધ્યમ છે. નાણાંની ઉત્ક્રાંતિએ જ માનવીને જંગલી અવસ્થામાંથી બહાર કાઢીને સુસંસ્કૃત અવસ્થામાં વિહાર કરતો બનાવવામાં મૂલ્યવાન ફાળો નોંધાવ્યો છે. આમ ,આધુનિક યુગમાં વિવિધ પ્રકારના ચલણો અસ્તિત્વ ધરાવે છે ,જેની વિગતવાર ચર્ચા કરીએ.

## મહત્વના શબ્દો

નાણું, ચલણનું મૂલ્ય, નાણાંનો ઇતિહાસ

VIDHYAYANA

## હેતુઓ

(1) નાણાંનો ઇતિહાસ જાણવો

(2) 2020 થી 2020 દરમિયાન ભારતીય રૂપિયાનું અમેરિકન ડોલરની સરખામણીમાં મૂલ્ય જાણવું

(3) આજ સમયગાળા માટે રૂપિયાની સરખામણીમાં અમેરિકન ડોલરમાં થયેલ ફેરફારની તપાસ

## નાણાં ઉદભવ અને વિકાસ:

વર્તમાન સમયની નાણાંવ્યવસ્થાનું તે પ્રાથમિક સ્વરૂપ છે.

આ વિચાર સાથે જ નાણાંનો જન્મ થયો અને પછી વધુને વધુ સરળ રીતે કામ આપી શકે તેવી વસ્તુની નાણાં

વિનિમયના માધ્યમ તરીકે શોધ થતી રહી.

આજે આપણે **એકવીસમી સદી**માં જે કાગળ નાણું અને શાખી નાણું વાપરીએ છીએ તેનો જન્મ થયો છે.

પ્રો.મિલ્ડન બ્રીગજ અને પલી જોડન આ સંદર્ભમાં **“સાટા પદ્ધતિની તકલીફો દૂર કરવાનો પ્રયાસોમાંથી જ નાણાંનો ઉદ્દભવ થયો છે.”**

સૌ પ્રથમ પશુઓનો વિનિમયના માધ્યમ તરીકે સ્વીકાર કરવામાં આવેલ.જેમાં ચોક્કસ વજન અને આકારવાળા પશુનો નાણાં તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો.

માનવ જ્યારે શિકારી અવસ્થામાં હતો ત્યારે **તીર, ભાલા અને ચામડાનો** વિનિમયના માધ્યમ તરીકે સ્વીકાર કરવામાં આવેલ.

પશુપાલન અવસ્થામાં **બકરા, ઘેટા અને ગાય** જેવા પશુઓનો વિનિમયના માધ્યમ તરીકે ઉપયોગ કરવામાં આવેલ.

કૃષિ અવસ્થામાં **ઘઉં,ચોખા, જુવાર** જેવી વસ્તુઓનો વિનિમયના માધ્યમ તરીકે ઉપયોગ કરવામાં આવેલ.

VIDHYAYANA

ત્યાર બાદ જુદી જુદી જાતના **પથ્થર અને ધાતુના ટુકડા**ઓનો નાણાં તરીકે ઉપયોગ શક્ય બન્યો. **સોનું અને ચાંદી** જેવી ધાતુના ટુકડાઓ, કારણ કે વજનમાં હલકા,સંગ્રહ માટે સરળ, મૂલ્યવાન અને હિસાબ કરવા માટે વધુ અનુકૂળ હતા.

ત્યાર બાદ સમય જતાં સોના-ચાંદીની ખેંચને કારણે હલકી ધાતુના સિક્કાઓ અસ્તિત્વમાં આવ્યા,જેમ કે **નિકલ, તાંબુ, પિત્તળ** વગેરે ધાતુના સિક્કા બનાવવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો.

ત્યાર પછી કાગદી નાણાંની શોધ થઈ અને આ કાગદી નાણાંએ ધાતુના નાણાંની હેરફેર,સંગ્રહ, ધાતુનો દુર્વ્યય,ધાતુની ખેંચને કારણે નાણાં પૂરવઠાની ખેંચ જેવા બધા જ દુષણો દૂર કર્યા અને વિનિમય વ્યવસ્થાના કાર્યને

અતિ સરળ બનાવી દીધું.

ભારત જેવા વિકસતા દેશોમાં પણ બેન્કિંગ ક્ષેત્રના વિકાસ સાથે, શાખી નાણું વધુને વધુ ઉપયોગમાં લેવામાં આવી રહ્યું છે.

આમ, આજે ધાતુ નાણું,કાગળ નાણું અને શાખી નાણુ આ ત્રણ પ્રકારના નાણાંનો જુદા જુદા દેશોમાં ઉપયોગ થતો જોવા મળે છે.

**ભારતમા રૂપિયાનો ઇતિહાસ:**

ઈ.સ. પૂર્વે 6 સદીથી સિક્કાનું ચલણ છે. ઈ.સ.પૂર્વે 1750 થી2500 દરમ્યાન પહેલો રૂપિયો બનાવનાર શર.શાહ.સુરીરાજા જેનું મૂલ્ય 49 તાંબાની પાઈ જેટલું હતું.(11.53ગ્રામ).

રૂપિયાનું નવું ચિહ્ન દેવનગરી લિપિના ₹એ લેટિન Rનું સંયોજન કરીને બનાવ્યું છે, જેના પ્રાદેશિક દ્રષ્ટિ ઘણા નામ છે. 1રૂપિયાની પ્રથમ ચલણી નોટ "બેંક ઓફ હિન્દુસ્તાન" દ્વારા બહાર પડી હતી.

**ભારતના** રૂપિયો ભારતનું રાષ્ટ્રીય ચલણ છે, જેનું નિયમન ભારતીય રિઝર્વ બેંક કરે છે.

5માર્ચ 2009ના રોજ ભારત સરકારે રૂપીયા માટે એકવૈશ્વિક પ્રતીક ચિહ્ન બનાવવા સ્પર્ધા જાહેર કરીહતી.


**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પદ્ધતિથી ગૌણ માહિતીના આધારે કરવામાં આવેલ છે.

**પુથ્થકરણ અને અર્થઘટન:-**

વર્ષ 2000 થી 2020 દરમિયાન ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં થયેલા ફેરફારો

| ક્રમ | વર્ષ | ચલણ(ડોલરમાં) |
|---|---|---|
| 1 | 2000 | 45 |
| 2 | 2001 | 47.23 |
| 3 | 2002 | 48.63 |
| 4 | 2007 | 41.2 |
| 5 | 2012 | 53.34 |
| 6 | 2014 | 61.6 |
| 7 | 2018 | 72.56 |
| 8 | 2020 | 73.39 |




**સમજૂતી:-**

ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા મુજબ OX ધરી પર વર્ષ અને OY ઉભી ધરી પર ચલણનું મૂલ્ય દર્શાવેલ છે.ભારતનું મૂલ્ય 1 ડોલર સામે વર્ષ 2000માં 45.00 રૂપિયા હતું. વર્ષ 2001માં 1 રૂપિયા સામે 47.23 રૂપિયા થયુંવર્ષ 2002માં 1 ડોલર બરાબર અર્થ 48.63 રૂપિયા થયુ વર્ષ 2007માં 1 ડોલર બરાબર 41.20 રૂપિયા થયું વર્ષ 2012મા 1 ડોલર બરાબર 53.34 રૂપિયા થયું વર્ષ 2014માં 1 ડોલર બરાબર 61.60 રૂપિયા થયું વર્ષ 2018માં 1 ડોલર બરાબર 72.56 રૂપિયા થયું વર્ષ 2020માં 1 ડોલર બરાબર 73.59 રૂપિયા છે.

તારણો:-

**(1) સંશોધન પરથી પ્રતીત થયેલ છે કે સમય સાથે નાણાંના વજનમાં ઘટાડો થયો છે.**

**(2) આપેલ સંશોધનમાં સાથે નાણાંની ગતિશીલતામાં વધારો થયો હોય તેવું જણાય છે.**

## ઉપસંહાર

આપણે નાણાંની ઉત્ક્રાંતિ, ઇતિહાસ અને ભારતમાં નાણાંના મૂલ્ય અંગે વિગતવાર ચર્ચા કરી સમગ્ર ચર્ચાનું કારણ એ છે, કે નાણાંનો વિકાસ અને તેના મૂલ્યનો અભ્યાસ અત્યંત રસપ્રદ બાબત છે.

કેન્ટ શબ્દોમાં કહી શકાય કે **"જો કે આપણા જીવનમાં નાણાંનું ખૂબ જ મહત્વ છે, તો પણ નાણું ખરેખર શું છે, તેનું યોગ્ય અને નિશ્ચિત વર્ણન કરવાનું વાસ્તવમાં ઘણું કઠિન બની જાય છે."**

**Reference list:**

Economics - Standard: 12 - Textbook

Finance, Banking and National Economy-1 (BA Semester: 3)

Finance and Overall Economics-1 (BA Semester: 5), Mayur Publications

Early Economics (BA Semester: 1), Mayur Publications

https://en.m.wikipedia.org/wiki/Exchange_rate_history_of_the_Indian_rupee

https://translate.googleusercontent.com/translate_c?depth=1&hl=gu&nv=1&prev=search&pto=aue&rurl=translate.google.com&sl=en&sp=nmt4&u=https://en.m.wikipedia.org/wiki/History_of_money&usg=ALkJrhiahOftCnvDS4Qu--xjjg-mDlD_8A